Letter No: WCDD/0075/03/2023 Dt: 29-03-2023

"ઘનિષ્ટ પોષણ અભિયાન" અને "ત્રીજું ભોજન" યોજના બંધ કરવા બાબત

ગુજરાત સરકાર,

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક FileNo.- WCDD/NUP/e-file/23/2023/0202/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૨૪-૦૫-૨૦૧૩ ના ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૧૪-૧૩૮૮-બ

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૦૧-૦૮-૨૦૧૪ નો ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૧૨-૪૯૮૦-બ

ઠરાવ:-

વંચાણે લીધા (૧) થી સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત આંગણવાડી કેંદ્ર પર સામન્ય ઓછા વજનવાળા અને અતિશય ઓછા વજનવાળા બાળકોને ત્રીજું વધારાનું પુરક પોષણ આહાર માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ. વંચાણે લીધા (૨) થી મિશન બલમ સુખમ અંતર્ગત ઓછા વજનવાળા બાળકોની સારવાર મટે ઘનિષ્ટ પોષણ અભિયાન યોજનાને વહીવટી મંજુરી આપવામાં આવેલ.

ઘનિષ્ટ પોષણ અભિયાન અને ત્રીજું ભોજન યોજના હાલમાં અમલમાં નથી. ઘનિષ્ટ પોષણ અભિયાન યોજનામાં વર્ષ ૨૦૧૮-૧૯ થી અને ત્રીજું ભોજન યોજના માટે વર્ષ -૨૦૨૦-૨૧ થી માત્ર ટોકન જોગવાઇ કરવામાં આવેલ છે . હાલમાં ૬ માસથી ૩ વર્ષના બાળકો , ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિ તેમજ સગર્ભા , ધાત્રી માતાઓને માતૃશક્તિ અને કિશોરીઓને પુર્ણાશક્તિના સુક્ષ્મ પોષક તત્વો યુક્ત પેકેટ્સ ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે. તેમજ ૩ થી ૬ વર્ષના બાળકો માટે ગરમ નાસ્તો બનાવવા માટે તમામ આંગણવાડી કેંદ્રોમાં ફોર્ટીફાઇડ આટા , ફોર્ટીફાઇડ ચોખા તેમજ ફોર્ટીફાઇડ તેલ આપવામાં આવે છે. . આથી "ઘનિષ્ટ પોષણ અભિયાન" અને "ત્રીજું ભોજન" યોજના ચાલુ રાખવી કે કેમ? એ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે "ઘનિષ્ટ પોષણ અભિયાન" અને "ત્રીજું ભોજન" યોજના તા.૧-૪-૨૦૨૩ થી બંધ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. સદર ઠરાવ સરકારશ્રીની તા. -૨-૨૦૨૩ ની મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આઇ. લેઉવા)

ઉપસચિવ,

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૪. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર

૫. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

૬. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન....................

૭. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. .....................

૮. સર્વે નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૯. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૦. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી, જિ.........................

૧૧. શાખા સિલેક્ટ ફાઈલ.

Signature valid
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.04.03
19:17:37 +05:30